# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-02-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day  : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMBAJI PARIKRAM

યાત્રાધામ અંબાજી ખાતે અંબાજીના ગબ્બર તળેટીમાંથી શક્તિપીઠ મંદિરોની પરિક્રમાનો આરંભ કરાયો છે. આજે યોજાયેલા 51 શક્તિપીઠ પાટોત્સવનો કેબિનેટ મંત્રી બળવંત સિંહ રાજપૂતે દીપ પ્રગટાવીને પ્રારંભ કરાવ્યો હતો. આજે પરિક્રમા મહોત્સવના પ્રથમ દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડયા છે જયારે આ પરિક્રમા મહોત્સવ માટે અંબાજી આવનાર શ્રદ્ધાળુઓ માટે 500 જેટલી એસટી બસની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી છે અને ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

આજે સાંજે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 13 કરોડ રૂપિયાના ખર્ચે બનેલા અત્યાધુનિક સંસ્કૃત મહાવિદ્યાલયનું લોકાર્પણ કરશે અને ગબ્બર પરિક્રમા મહોત્સવમાં ઘંટળી યાત્રાનો આરંભ કરાવી દિવ્યાંગ લાભાર્થીઓને વિવિધ યોજનાના લાભો અર્પણ કરશે.

# CM GHUMA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ઘુમા વિસ્તારમાં આવેલા ખોડિયાર ધામ પુનઃ નિર્માણ પ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે આયોજિત શતચંડી મહાયાગ મહોત્સવમાં હાજરી આપી હતી. મંદિરના નવનિર્માણ અને પુનઃ પ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે ૧૦૮ કુંડીનો યજ્ઞ આયોજિત કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીએ યજ્ઞશાળાની પ્રદક્ષિણા કરીને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રીએ આયોજકો અને યજ્ઞના યજમાનોને આ પ્રસંગની શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

# BIMSTEC YUVA SUMMIT

ગાંધીનગરમાં ગઇકાલથી BIMSTEC યુવા સમિટનો પ્રારંભ થયો છે. આ સમિટમાં સાત દેશોના 70 પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. સમિટનાં ભાગરૂપે આજે સવારે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આવેલ દાંડીકુટીર પાસેથી  'નો ડ્રગ્સ'ના સંદેશ સાથે સાયક્લોથોનનુ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં BIMSTECના તમામ પ્રતિનિધિઓ જોડાયા હતા.

આ અંગે કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના રાજેશ કનોજીયાએ વધુ માહિતી આપી

**(BYTE: Rajesh Kanojia)**

# NARMADA ANNUAL CELEBRATION

નર્મદા ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રોશની સ્કૂલ અને મેકલ કન્યા કોલેજનો વાર્ષિક ઉત્સવ યોજાયો હતો. ભરૂચના સાંસદ મનસુખ વસાવા તથા સાંસદ જશુ રાઠવા અને ધારાસભ્ય ડોક્ટર દર્શના દેશમુખની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. મંત્રમુગ્ધ કરનારી કૃતિઓ રજૂ કરીને વિદ્યાર્થીઓએ સૌનું ધ્યાન આકર્ષિત કર્યું  હતું. નાંદોદના ધારાસભ્ય ડોક્ટર દર્શનાબેન દેશમુખે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

**(BYTE : Dr. Darshanaben Deshmukh, MLA, Nandod)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# Rajkot Airport

રાજકોટના હીરાસર ખાતે નવ નિર્મિત આંતરરાષ્ટ્રીય એરપોર્ટના નવા ટર્મિનલને આજે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આજે રાજકોટ એરપોર્ટ પર આવનારા અને અહીંથી અન્ય શહેરોમાં જનારા આશરે ૪00 જેટલા મુસાફરોનું ગુલાબ અને ભેટસોગાદ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

નવા ટર્મિનલના ઉદઘાટનની શરૂઆત સરસ્વતી વંદના અને ચંદન તિલકથી કરવામાં આવી હતી. ટર્મિનલને સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. આ ટર્મિનલમાં મુંબઈ-રાજકોટની પ્રથમ ફ્લાઇટનું આગમન થતાં એરપોર્ટ ઓથોરીટીના સ્ટાફે મુસાફરોનું ઉમળકાભેર તેમનું સ્વાગત કર્યું હતું.

# BHARUCH ACCIDENT

દક્ષિણ આફ્રિકાના હાઉડસ્પ્રાઇટ નજીક ગમખ્વાર અકસ્માતમાં ભરૂચ તાલુકાના કોઠી ગામના ત્રણ યુવાનોના મોત નિપજ્યા હતા. આ ત્રણેય યુવાનો પોતાના કામ માટે વાહનમાં જઈ રહ્યા હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ વાહનમાં આગ લાગતાં ગંભીર રીતે ઘાયલ થયેલા ત્રણ લોકોનાં મોત થયા હતા જ્યારે અન્ય યુવાનો ઇજાગ્રસ્ત બન્યા હતાં.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ પહોંચી હતી અને ઇજાગ્રસ્તોને સારવાર માટે ખસેડાયા હતા.

# BHAVNAGAR VIKASKAMO

ભાવનગર શહેરને વધુ ૨૩ કરોડ કરતાં વધુ રૂપિયાના વિકાસ કાર્યોની ભેટ મળી છે. કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાએ ત્રણ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું.

ભાવનગર શહેરના ઘોઘા સર્કલ અકવાડા વોર્ડમાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ એક હજાર ૪૦૦ મીટર લંબાઈ સાથે ફોર લેન પેવેમન્ટ ક્વોલિટી કોંક્રિટ રોડનું, સુભાષનગર વિસ્તારમાં પ્રાઈમરી હેલ્થ સેન્ટરનું તેમજ ડ્રેનેજ અપગ્રેડેશનના કામોનું લોકાર્પણ કરાયું હતું.

# Godhra Child Labour

લેબર કમિશનર અને શ્રમ અધિકારીના વડપણ હેઠળની ટીમે હાલોલ તાલુકામાં આવેલાં એક એકમ પર દરોડો પાડીને ૧૭ વર્ષનાં કિશોરને મુક્ત કરાવીને બાળ સંરક્ષણ ગૃહ ગોધરા ખાતે સોંપવામાં આવ્યો હતો. સંસ્થા વિરૂદ્ધ બાળ અને તરૂણ શ્રમ (પ્રતિબંધ અને નિયમન) ૧૯૮૬ અને જુવેઇનાઇલ જસ્ટીસ એક્ટ-૨૦૧૫ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હોવાનું મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરાની યાદીમાં જણાવાયું છે.